શાળાનું નામ

ગામનું નામ

વિદ્યાર્થીનું નામ

વર્ગ

પુસ્તક લીધાની તારીખ

રાષ્ટ્રીય
પહેલી ચોપડી.

લેખક,

મોહનનાથ કેદારનાથ દીક્ષિત.

એલ. એમ એન્ડ એસ

પ્રકાશક,

મંગળદાસ હરકીશનદાસ

બુકસેલર-સુરત.

૧૯૨૩.

કિંમત ૦-૩-૦

છાપનાર,

કંચનલાલ ચુનીલાલ ગાંધી

ધી "**ઇંડીઆ**" પ્રીં. પ્રેસ, ભાગાતળાવ રોડ-**સુરત.**

પ્રસ્તાવના.

બુદ્ધિ, ભાવના, અને ઇચ્છા અથવા સંકલ્પ, આ ત્રણ માનસિક શક્તિનો પૂર્ણ વિકાસ કરનારૂં જે શિક્ષણ તેજ ખરૂં શિક્ષણ હોઈ શકે. રાષ્ટ્રહિતના પાયાપર ચણાયલું જે શિક્ષણ તેજ રાષ્ટ્રીય શિક્ષણ. હાલ દેશમાં સરકારી ધોરણે જે શિક્ષણ અપાય છે, તે રાષ્ટ્રીય તો નથીજ; તેમજ તે શાસ્ત્ર શુદ્ધ શિક્ષણ પણ નથી. કારણ તે શિક્ષણ પદ્ધતિનો હેતુ, બાળકની બુદ્ધિનો વિકાસ કરાવવા કરતાં, તેનાં ભેજાંપર જ્ઞાનનો બોજો લાધવાનો દેખાય છે; ભાવનાના વિકાસ તરફ પૂર્ણ દુર્લક્ષ છે; એટલુંજ નહિ, પણ હુરધડીએ વિદ્યાર્થી તથા શિક્ષકના વ્યક્તિ સ્વાતંત્ર્યનો ઉચ્છેદ થવાથી ઇચ્છાશક્તિ અથવા સંકલ્પશક્તિનો વિકાસ થતો નથી. માટે આ પુસ્તક રાષ્ટ્રીય શિક્ષણમાં ઉપયોગી થઈ પડે એવા હેતુથી લખવામાં આવ્યું છે. પાઠની સંખ્યા જાણી જોઈને ઓછી રાખવામાં આવી છે.

આ પુસ્તક લખવામાં શ્રી. વાસુદેવ ગોવિંદ આપટે બી. એ. ના રાષ્ટ્રીય શિક્ષણના વાચન પુસ્તકોનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમનો તથા કવિતાના કર્ત્તાનો આભાર માનવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં જોડણીનો મતભેદ હોવાથી આ પુસ્તકના કેટલાક શબ્દોમાં ફેરફાર માલમ પડશે.

સુરત,
૨૮-૩-૨૩.

એમ. કે. દીક્ષિત.

સાંકળીઉં.

તૈયાર છે

રાષ્ટ્રીય	બાળપોથી.	૦-૨-૦
,,	પહેલી ચોપડી.	૦-૩-૦
,,	બીજી ચોપડી.	૦-૪-૦

બાકીના ચોપડીઓ તૈયાર થાય છે.

પુસ્તક મળવાનું ઠેકાણું:-
મંગળદાસ હરકીશનદાસ
ઠે. ભાગાતળાવ રોડ, સુરત.

રાષ્ટ્રીય

પહેલી ચોપડી.

પાઠ ૧-પક્ષી.



હું એક પક્ષી છું. મારે બે પાંખ છે. મારે બે પગ છે, હાથ નથી. મારે એક ચાંચ છે. તે ચાંચ લાલ છે. તે સીધી નથી; પણ નમણી છે. મારો રંગ લીલો છે. મારા કોઈ કોઈ ભાઇના રંગ લાલ પણ હોય છે. મને દાંત નથી.

હું માળામાં રહું છું. હું ઝાડ ઉપર માળો બાંધું છું; અને ત્યાં બેસું છું. હું વાદળમાં ઊડું છું. હું જમીન પર ચાલું છું. મને નહાવું બહુ ગમે છે. હું સાફ રહું છું. હું લીલાં ફળ તથા દાણા ખાઉં છું. લોકો મને ચતુર કહે છે; કારણકે હું માણસના જેવું બોલી શકું છું. હું બોલું છું તે લોકોને ગમે છે. મને લોકો પકડીને પાંજરામાં પૂરે છે. બોલો મારૂં નામ શું?

પાઠ ૨–અવયવ.

મારે બે આંખ છે, બે કાન છે, અને એક નાક છે. એક મોઢું છે; તેમાં એક જીભ છે, અને ઘણા દાંત છે. વળી બે હોઠ છે, એક હડપચી છે. મારે બે હાથ, અને બે પગ છે.

આંખથી હું જોઉં છુ. જેનાથી બેઉ આંખે દેખાતું નથી, તેને આંધળો કહે છે. જેનાથી એકજ આંખે દેખાય છે; તેને કાણો કહે છે.

હું કાનથી સાંભળું છું. જેનાથી સંભળાય નહિ તે બહેરો કહેવાય. નાકથી હું સૂંઘું છું. જેને નાક ન હોય તે નકટો કહેવાય. દાંતથી હું ચાવું છું, જેને દાંત ન હોય તે બોખો કહેવાય. મોંથી હું બોલું છું. જેનાથી બોલાય નહિ, તેને લોકો મુગો કહે છે. જીભથી હું ચાખું છું. જીભ વિના ચખાય નહિ. ખારૂં, ખાટું, તીખું, ગળ્યું, કડવું પારખી શકાય નહિ. હાથથી હું ઝાલું છું. હાથ વગરના માણસને બાંગો કહે છે. હાથ વિના કામ થાય નહિ. પગથી હું ચાલું છું. પગ વિના ચલાય કે દોડાય નહિ. પગ વગરનાં માણસને લુલો, લંગડો, અથવા પાંગળો કહે છે.

પાઠ ૩-કુંભારની ચતુરાઈ.

એક કુંભાર હતો. તેને ત્યાં ઘણાં ગધેડાં હતાં. તેનાં પર તે બેસી ફરવા જતો. તેનું નાક ઘણું

લાંબું હતું. તે સાહેબ લોકનાં જેવાં કપડાં, કોટ, પાટલુન, ટોપી, પહેરી એક દિવસ એક ગધેડાં પર બેસી ખૂબ છટાથી ફરવા નીકળ્યો. આ ગધેડું ઘણુંજ અડીયલ હતું. તે બે હાથ આગળ ચાલે, તો ચાર હાથ પાછળ હઠે. ગમે તેટલું મારે તોપણ એક સરખું આગળ ચાલે નહિ. આખરે તે કુંભાર સાહેબને એક વિચાર સૂઝયો. તે નીચે ઉતર્યો; પાસેની વાડીમાંથી ત્રણ પૈસાના મૂળા ખરીદ કીધા. તે મૂળાને પોતાનાં લાંબા નાક ઉપર લટકાવ્યા. તેને એવી રીતે ગોઠવ્યા કે મૂળા ગધેડાંના મોં આગળ લટકયા કરે; પણ ગધેડાંથી ખવાય નહિ. તે મૂળા પોતાના મોંમાં પકડી ખાઇ શકાય, માટે ગધેડું ઝડપથી ચાલવા માંડયું; અને કુંભાર સાહેબનું કામ થયું.

પાઠ ૪–માબાપની સેવા.

(દોહરા)

ઘરડાં લુલાં આંધળાં, ગરીબ મા ને બાપ;
માધવ તેનો દીકરો, સેવા કરે અમાપ. ૧
માધવને માબાપ કે', સાંભળ મનની વાત;
ધન ને આંખો હોત તો, તીરથ કરવા જાત. ૨
મન પરખી માબાપનું, કરવા ધારી સુખ;
કાવડ કરીને ફેરવું, તો જાયે આ દુઃખ. ૩
મનસુબો એવો કરી, કરી કાવડ તૈયાર;
બે પાસે બેસાડીઆં, માત પિતા તે વાર. ૪
ખાંધે કાવડ ભેરવી, તીરથ કરવા જાય;
માધવના આ હેતથી, સૌને અચરજ થાય. ૫
ધન ધન આવા દીકરા, ધન ધન મા ને બાપ;
દીકરા સારા હોય તો, રહે નહિ સંતાપ. ૬
સઘળાં તીરથ ફેરવી, ઘેર ગયો જે વાર;
માત પિતા રાજી થયાં, દે આશીષ અપાર. ૭
ફરજ બજાવી દીકરે, કીધી પ્રભુએ મે'ર;
સુખ આપે માબાપને, થાયે લીલા લે'ર. ૮

(પહેલી ચોપડી.)

પાઠ ૫-સરકસ.

મદન શનિવારે રાત્રે સરકસનો ખેલ જોવા ગયો હતો. ત્યાં ઘોડા, હાથી, વાંદરાં, કુતરાં પાસે કામ કરાવવામાં આવ્યું હતું, તે જોઇ તેને ઘણી ગમત પડી. કોઇક છોકરા છોકરીઓએ ચત્તા સુતેલા માણસના પગ ઉપર ઉભા રહી ભુસ્કા માર્યા. કોઇક છોકરાંએ મેજ પર સીસી મૂકી, ખુરસીના પગ ગોઠવી, યુક્તિથી ખુરસી પર ચઢી બતાવ્યું, અને કસરતના બીજા ખેલ પણ કરી બતાવ્યા. આ જોઇ મદનને એમ લાગ્યું કે આપણે પણ એમ ખેલ કરી બતાવીએ. બીજે દિવસે ત્રીજે પહોર મામા બહાર ગયા હતા, ત્યારે મદને તેના ટેબલ પર પુસ્તકો મૂકી, ખુરસી ગોઠવી, તેના અડીંગવાના પાટીઆં ઉપર ઉભા થવાની ખટપટ કરી; પણ એટલામાં તો એક તરફ ભાર આવવાથી તે ખુરસી સાથે નીચે પડયો. ટેબલ પરનાં પુસ્તકો તથા ખડીઓ નીચે પડયાં. શાહી ઢોળાઇ અને જાજમ બગડી.

એટલામાં મામા ઘેર આવ્યા. તેણે મદનના સરકસના આ પ્રતાપ છે, એમ તરતજ પારખ્યું. તેમણે 'આ કોણે કીધું' એમ પૂછ્યું. મદન શરમાઈ ગયો અને નીચું જોયું.

પાઠ ૬--અડપલો છોકરો.

ભરત કરીને એક અડપલો છોકરો હતો. તે જતાં જતાં સહજ બીજાંને અડપલું કરે, અને પછી નાસી જાય. એક દિવસે તે એક બંગલા પાસે થઇને જતો હતો. તે બંગલાના છાપરાના ખુણામાં મધમાખીનો એક મોટો મધપુડો લાગેલો હતો. તે મધપુડામાં મધમાખી બેઠેલી હતી. તેને કોઇએ ત્રાસ દીધો કે તરતજ પીછો પકડી તેને કરડી કરડી રડાવી દેતી. આ વાત ભરત જાણતો નહોતો. તે પોતાના સ્વભાવ પ્રમાણે અટકચાળું કરવા લાગ્યો. તેણે એક પત્થર તે મધપુડામાં માર્યો. મારતાં વારજ

અંદર બેઠેલી મધમાખીઓ ખીજવાઇને બહાર ઊડી, અને તેના શરીર ઉપર દોડી ગઈ. તેણે તેને એટલા જોરથી ડંખ માર્યા, કે તેના આખા શરીરમાં આગ આગ થઈ રહી. તે નાસી છૂટયો; તોપણ મધમાખીએ તેનો પીછો છોડયો નહી. મધમાખીના ડંખથી તેનું આખું શરીર સૂઝી ગયું. ગરીબ બિચારા નિરૂપદ્રવી પ્રાણીને અટકચાળું કરવા માટે તેને આ સારી સજા થઇ. તેણે ત્યારથી અટકચાળું કરવાની ટેવ છોડી દીધી.

પાઠ ૭--દસ ચાકર.

મનુ અને નાનુ નામના બે મિત્રો હતા. મનુ ગરીબ પણ હોશિયાર હતો. મનુ પોતાનાં કામ વખતસર પોતે પૂર્ણ સંભાળથી કરતો; તેથી તે સારાં થતાં. નાનુનો બાપ પૈસાવાળો હતો. તેને ઘેર નોકર ચાકર પુષ્કળ

હતા; તોપણ તેનાં કામ મનલાયક તથા વખતો વખત થતાં નહીં. આ જોઈ નાનુ ને નવાઇ લાગી. તેણે મનુને કહ્યું; અલ્યા મનુ, મારે ઘેર આટલા ચાકર છતાં, મારાં કામ મનલાયક થતાં નથી. તારી પાસે એક પણ નોકર નથી, છતાં તારાં કામ ચોક્કસ મનલાયક થાય છે, એનું કારણ શું ? મનુએ જવાબ દીધો મારી પાસે દસ નોકર છે; પણ તારા ચાકર જેવા પગારદાર નથી. તે મારી જોડેજ પરમેશ્વરે મોકલેલા છે, ઇમાની છે, પણ કામચોર નથી. નાનુએ પૂછ્યું, તે નોકર કોણ? મનુ બોલ્યો, ‘ બે હાથ, બે પગ, બે કાન, બે આંખ, જીભ, અને મન; આ દસ નોકર પાસે આળસ ન કરતાં નિયમસર કામ લઉં છું. તેથી તે વખતસર અને સારાં થાય છે. આપણાં કામ આપણેજ કરવાં. બીજા પર ભરોસો રાખવો નહિ. “ પારકી આશ અને સદા નિરાશ.”

પાઠ ૮—ખાદીની ટોપી.

મા મને ખાદીની ટોપી અપાવ,
ખાદીની ટોપી અપાવ,—મા મને, ટેક

ખાદીનું પહેરણ ખાદીની ધોતી કે,
ખાદીની લેંઘી પહેરાવ.—મા મને૦

ખાદીનું દફ્તર, ખાદીના જોડા,
ખાદીથી સુંદર બનાવ.—મા મને૦

બાપુ ગાંધીની દેશી નિશાળમાં,
સ્વદેશી ભણતર ભણાવ.—મા મને૦

પ્રીતે પ્રભુજીનાં ભજનો ગાતાં.
રેંટીયો રૂડો કંતાવ—મા મને૦

સ્વરાજય લેશું સુતરને તાંતણે,
ખાદીનો મહિમા ગવરાવ.—મા મને૦

દોલતરાય સુંદરજી દવે.

પાઠ ૯—સવારની શોભા.

છોકરાંઓ ઊઠો, સવાર પડી. દાતણ કરો; મોં ધુઓ; અને પ્રભુનાં નામનું સ્મરણ કરો.

ચાલો, હવે આપણે બહાર ફરવા જઇએ. જરા ઉપર આકાશ તરફ નજર કરો. જુઓ, આકાશ કેવું નિર્મળ છે? કહે, તેનો રંગ કેવો છે? ભુરો. પૂર્વ તરફ જ્યાં આકાશ જમીનને અડકેલું દેખાય છે, ત્યાં નજર ફેંકો. જુઓ, સૂર્યનો ઉદય થાય છે. તેનાં પ્રકાશનાં કિરણ પેલાં વાદળ પર પડે છે. તે વાદળનો રંગ કેવો શોભાયમાન દેખાય છે? વાદળ અસલ કાળું અથવા ભુરા રંગનું હતું; પણ સૂર્યનાં કિરણ પડવાથી તે સોનેરી દેખાવા લાગ્યું છે. આ વાદળ જુઓ. કેવું લાલચોળ દેખાય છે! પેલું વાદળ જુઓ. કેવું રૂપેરી રંગનું અને ચકચકિત દેખાય છે! સુરજ જુઓ, અડધો ઉપર આવ્યો છે, અને

ભઠ્ઠીમાં તપાવેલા સોનાના ગોળા જેવો લાલચોળ દેખાય છે.

પક્ષી તમારી પહેલાં ઊઠી કામે લાગ્યાં છે. આ ઝાડ પરથી પેલા ઝાડપર ઉડી રહ્યાં છે, અને કિલકિલ કરી રહ્યાં છે. તે શું બોલે છે; તે આપણે કળી શક્તા નથી. કદાચિત્ તે પ્રભુનાં નામનું સ્મરણ પણ કરતાં હોય. ' નકામો વખત ગાળો નહિ, કામે લાગો ' એમ પણ તે આળસુ પ્રાણીને કહેતાં હોય. '

સવારનો સમય કેવો ઠંડો અને મઝેદાર હોય છે. આ વખતે મંદમંદ વાયુ વાય છે. ઝાડનાં પાંદડાં ધીમે ધીમે હાલે છે, ફૂલ ખીલે છે. જ્યાં જુઓ, ત્યાં આનંદ આનંદ દેખાય છે. સવારે ઊઠીને જેને જોઈએ, તેને તે આનંદ મળે છે. આળસને લીધે પથારીમાં પડી રહેનારને તે ક્યાંથી મળે ?

પાઠ ૧૦-વાંદરો અને મગર.

એક લકુ વાંદરો નદીને કિનારે ખડક ઉપર બેઠો હતો. તે નદીમાં મગર હતાં. તેની ઇચ્છા વાંદરાને મારી ખાવાની થઇ; પણ વાંદરો નદીમાં ઉતર્યા સિવાય કંઈ થઇ શકે નહિ. તેથી તે કાંઠા પાસે આવી વાંદરાને કહેવા લાગ્યો, 'મિત્ર તું આજે ભૂખ્યો દેખાય છે. તારે તાજાં ફળ ખાવાં છે? બોલ. હું તને નદીપાર ફળનાં ઝાડ પાસે મૂકી આવું.' વાંદરાને તેનું બોલવું ખરૂં લાગવાથી મગરની પીઠપર બેસી નદીપાર જવાનું કબુલ કીધું. મગરે તેને પોતાની પીઠ ઉપર બેસાડ્યો, અને થોડુંક આગળ ચાલી નદીમાં છોડી દીધો. વાંદરો પાણીમાં ગુંગળાવા લાગ્યો, અને પોતાના મિત્રને હાંક મારવા લાગ્યો; પણ તે મગર હસીને બોલ્યો, ભાઇ રે, હવે નકામી ગરબડ શું કરવા કરે છે, તારૂં કાળજું ખાવાની ઇચ્છા થઇ છે, અને હું તેમ કરવાનોજ! આ સાંભળી વાંદરાએ જવાબ આપ્યો, મિત્ર,

આવો તારો વિચાર હતો, તો શરૂઆતમાંજ મને કહેવું હતું; એટલે હું મારૂં કાળજું ઘેર મૂકી આવ્યો ન નહોત. એક ઝાડ પરથી બીજા ઝાડ પર ભુસ્કા મારતાં આચકો લાગી ફૂટી ન જાય; માટે તે હું ઘેર મૂકી આવ્યો છું. તું હવે મને નદી કાંઠે પહોંચાડશે, તો ઘેર જઇ તારે માટે તે લઈ આવીશ.

મગરને આ બોલવું ખરૂં લાગ્યું, અને તેને પાછો કાંઠા પાસે લઈ ગયો. જમીનને પગ અડકતાંજ વાંદરો કૂદકો મારી ઝાડે ચઢી ગયો. ત્યાંથી તે બોલ્યો, 'મૂર્ખ· મને આગળથી વિશ્વાસ આપી ફસાવવા માંગતો હતો કે? લે, તારી વિદ્યા તનેજ ફળી.'

પાઠ ૧૧-હોડી.

કુમુદ અને મદન સાંજે નદી તરફ ફરવા ગયાં. નદીમાં પાણી ધીમે ધીમે વહેતું હતું. સામે

કાંઠે લીલું ઘાસ ઊગી નીકળ્યું હતું; તેથી તે બહુ રળિઆમણો દેખાતો હતો. પશુ આનંદથી ત્યાં ચરતાં હતાં. મદનને સામે પાર જવાનું મન થયું. તેણે કુમુદને સામે પાર જવા કહ્યું. કુમુદે કહ્યું, 'નદીમાં પાણી ઊંડું છે; એટલે સામે પાર પાણીમાં થઇને જવાય નહિ.' નદીમાં ઘણી હોડીઓ હતી. તે જોઈ મદનને હોડીમાં બેસી સામે કિનારે જવાનું મન થયું; પણ કુમુદે કહ્યું 'હોડી ખલાસી સિવાય કોણ ચલાવે? આપણે ચલાવી શકીએ નહિ.' મદન નિરાશ થઈ ગયો. કુમુદે કહ્યું 'તારે સામી પાર જવુંજ હોય તો આ નદી ઉપર પૂલ છે, તેના ઉપર થઇને જા.

મદનને તેમ કરવું ગમ્યું નહિ; ત્યારે કુમુદે મદનને નદીની વાત કહેવા માંડી. નદીનું પાણી મીઠું હોય છે. સમુદ્રનું પાણી ખારૂં હોય છે. ચોમાસામાં પહાડ અને ડુંગર ઉપર વરસાદ પડે છે; તેનું પાણી સપાટ જમીન ઉપર વહે છે. તે મોટા પાણીના રેલાને નદી કહે છે. આ પાણી વહેતું વહેતું સમુદ્રને મળે છે.

પહાડમાં જે જગ્યાએથી નદી વહેવા માંડે છે, તેને નદીનું મૂળ કહે છે, અને જે જગ્યાએ નદી સમુદ્રને મળે છે; તેને નદીનું મુખ કહે છે. પહાડ તે નદીનું પિએર, માબાપનું ઘર, અને સમુદ્ર તે નદીનું સાસરૂં.

પાણી ઊંડું હોય તો હોડી ચાલી શકે છે. મોટી હોડી તે વહાણ કહેવાય. તેને સઢ હોય છે, અને તે પવનથી ચાલે છે. કેટલાંક વહાણો આગગાડીની માફક વરાળથી ચાલે છે; તેને આગબોટ કહે છે, મોટી નદી, દરીઆ, તથા મહાસાગરોમાં તે ફરે છે, અને એક દેશથી બીજે દેશ મુસાફરો તથા માલ લઈ જાય છે.

કેટલીક આગબોટ ઉપર તોપ પણ ગોઠવવામાં આવે છે, અને તે લડાઈના કામમાં વપરાય છે. આવી આગબોટ ને મનવાર અથવા લશ્કરી બારકસ કહેવામાં આવે છે.

પાઠ ૧૨—ઈશ્વરનું ભજન.

વીસરૂં નહિ પ્રભુ નામ,
કદી હું વીસરૂં નહિ પ્રભુ નામ.—ટેક.
ચંદ્ર સુરજને અગણિત તારા,
કર્યા ઉજાસને કામ. કદી હું. ૧
બહુ ઉપયોગી આપી હવા તેં,
બેસે નહિ કંઈ દામ. કદી હું. ૨
અન્ન દીએ છે વરસાદેથી,
પાળે જીવ તમામ કદી હું. ૩
ગાય ભેંસને દૂધ દહીં દેવા,
સરજાવી સૌ ઠામ. કદી હું. ૪
ઝાડ પાન ફળ ફૂલ બનાવ્યાં,
આંબો ગુલાબ બદામ. કદી હું. ૫
દયા કરી સેવકને આપો,
બહુ વિદ્યા સુખ હામ. કદી હું. ૬

(પહેલી ચોપડી.)

પાઠ ૧૩—બાદશાહ અને ફકીર.

એક દિવસ મધુએ અને માલતીએ બહાર રમવા જવાનું ઠરાવ્યું. એટલામાં વરસાદ પડવા માંડયો; ત્યારે મધુ બોલ્યો, હવે શું કરીએ? આ વરસાદ આપણને રમવા દેતો નથી.' માલતીએ કહ્યું, 'હરકત નહિ. વરસાદ આવ્યો તો આવવા દે, આપણે ઘરમાંજ રમીએ. ચાલ, હું તને એક વાત કહું.'

અકબર બાદશાહના વખતમાં એક મોટો વિદ્વાન ફકીર જંગલમાં ઝુંપડી બાંધી રહેતો હતો. તેનો ઉપદેશ સાંભળવા દૂર દેશાવરથી હજારો લોકો આવતા હતા. ફકીર ગરીબ હોવાથી તેમને ઉતારો આપવાની સગવડ થતી નહિ. એક વખત તેને લાગ્યું, કે બાદશાહ પાસે જઈ, આ કામને વાસ્તે મદદ માગું. તે રાજમહેલમાં ગયો. બાદશાહ આંખ મીંચીને ઇશ્વરની પ્રાર્થના કરતો હતો. ફકીર તેની પાછળ ચૂપ થઇને બેઠો.

બાદશાહને ફકીર આવીને બેઠો છે, તેની ખબર નહોતી. તે મોટે અવાજે પ્રભુની પ્રાર્થના કરતાં બોલ્યો, 'હે પ્રભુ! તું મને અધિક ધન, રાજ્ય, સત્તા, અને વૈભવ આપ.' આ સાંભળી ફકીરને નવાઈ લાગી. તેણે ઉઠીને જવા માંડ્યું; એટલામાં બાદશાહની પ્રાર્થના પુરી થઈ. તેણે આંખ ઉઘાડી. ફકીરને જતા જોઈ પૂછયું, 'તમે મારી પાસે કેમ આવ્યા છો ? અને મને મળ્યા વગર કેમ ચાલ્યા જાઓ છો ?' ફકીર બોલ્યો, હું લોકો માટે ધર્મ-શાળા બંધાવવાને પૈસા માગવા આવ્યો હતો. પણ મને લાગ્યું કે તમે પણ મારા જેવા ભિખારીજ છો. તમને પણ ધન જોઇએ છે. ભિખારી પાસેથી મને શું મળશે ? માટે હું પાછો જતો હતો.

અકબર બાદશાહ શાણો હતો. તેને ગળે તે વાત ઉતરી. તેણે કહ્યું, 'તમારૂં કહેવું ખરૂં છે. બાદશાહ ગમે તેટલો મોટો હોય, તોપણ તે ભિખારીજ ! સઘળું પરમેશ્વરનું છે. તેજ ખરો શ્રીમંત છે. જે કાંઇ માગવું હોય તે તેની પાસેજ માગવું.' આટલું કહી બાદશાહે તેને સો મહોર આપી. તેથી ફકીરને સંતોષ થયો.

પાઠ ૧૪-ચંદ્ર અને સૂર્ય.

ગમન—ભાઇ, ચંદ્રનું ચાંદરણું કેટલું મઝેદાર હોય છે, અને સૂર્યને જુઓ, તો જાણે આગનો ગોળો! લોકોને તાપ આપનારો આ સૂર્ય પ્રભુએ ઉત્પન્ન કીધો ન હોત, તો શું ન ચાલત?

ભાઈ—ગમન, પ્રભુએ આ જગતની એકેએક વસ્તુ ઘણો બારીક વિચાર કરીને ઉત્પન્ન કરી છે. તેનાં કામમાં જરાપણ ભૂલ જડવાની નથી. ચંદ્રની ચાંદની શીતળ, અને સૂર્યનો તાપ ગરમ, એ વાત ખરી છે; પણ સૂર્ય જો ન હોત, તો ચંદ્રની ચાંદની ક્યાંથી પડત? સૂર્યને જેમ પોતાનું તેજ છે, તેમ ચંદ્રને નથી. ચંદ્રનો પ્રકાશ સૂર્યથી મળેલો છે. જેવો સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પડે છે, તેવો ચંદ્ર ઉપર પણ પડે છે, અને તેજ પ્રકાશ ચંદ્ર આપણને ચાંદનીનાં રૂપમાં આપે છે. સૂર્ય જો ન હોત, તો ચાંદની ન હોત, ઝાડ ઊગવાને તથા ધાન્ય અને ફળ પાકવાને જે ગરમી જરૂરની છે તે પણ ન હોત, વરસાદ ન આવત, અને આપણને ખાવાનું પણ ન મળત;

એટલુંજ નહિ, પણ માણસ, જનાવર, પક્ષી કે કોઇ જાતનાં પ્રાણી જગતમાં ન હોત. અજવાળું પણ ન હોત. આખા જગતમાં અંધારૂંજ અંધારૂં હોત.

ગમન—સૂર્ય જગતને આટલો ઉપયોગી છે, તો ઇશ્વરે તેને આવડો નાનો કેમ બનાવ્યો? આપણી પૃથ્વી જેવડો મોટો કેમ કીધો નહિ?

ભાઇ—સૂર્ય ખરેખર એટલો નાનો નથી. પૃથ્વી કરતાં લાખો ગણો મોટો છે. પણ તે ઘણો દૂર છે, માટે નાનો દેખાય છે.

ગમન—સુરજ આપણાથી કેટલો દૂર છે?

ભાઇ—એમ ધાર, કે પંજાબ મેલથી પણ વધારે ઝડપથી ચાલનારી આગગાડી પૃથ્વીથી સૂર્ય જવાને ઉપડી. તે રસ્તામાં કોઇપણ જગ્યાએ થોભી નહિ, તો તેને સુરજ સુધી પહોંચતાં ચારસોથી પણ વધારે વરસ લાગે. હવે સુરજ આપણાથી કેટલો દૂર છે, તે તારા ધ્યાનમાં આવ્યું?

ગમન—હા. ચંદ્ર પણ આવડો મોટો અને દૂર હશે, નહિ વારૂ?

ભાઇ—ના. પૃથ્વી ચંદ્ર કરતાં પચાસ ગણી મોટી છે, અને ચંદ્ર આપણાથી બહુ દૂર નથી.

પાઠ ૧૫-પરીક્ષાની તૈયારી.

ગુરૂ—છોકરાઓ, સાંભળો. તમારા વર્ગની પરીક્ષા એક મહીના પછી થવાની છે. તે પરીક્ષામાં જે નાપાસ થશે, તેને ઉપલા વર્ગમાં ચઢાવવામાં નહિ આવશે.

નાનુ—પણ ગુરૂજી, હજી પરીક્ષાને એક મહીનો છે; એટલામાં હું ખૂબ અભ્યાસ કરી પાસ થઈશ.

ગુરૂ—આખું વરસ અભ્યાસમાં આળસ કરી છેલ્લી ઘડીએ ખૂબ મહેનત કરી અભ્યાસ કરવો, એ રીત બીલકુલ ખોટી છે. જુઓ, જેમ ધીમેથી ચાવીને જમવું, એ આપણું દરરોજનું કામ છે, તેવુંજ આપેલું લેસન રોજને રોજ કરવું આપણું કામ છે. એકાદ છોકરો જો એમ કહે કે, ભાઇ મને તો રોજને રોજ જમવાનો કંટાળો આવે છે. હું છ દિવસ સુધી અપવાસ કરીશ, અઠવાડીઆમાં એક વાર ખૂબ જમીશ,

તો તે ચાલે કે? તેણે એમ કીધું તો શું પરિણામ આવે?

વિદ્યાર્થી—એમ ન ચાલે. તેમ કરવાથી એકજ દિવસે પુષ્કળ ખાધેલું અન્ન તેને પચે નહિ; અને તે માંદો પડે.

ગુરૂ—અભ્યાસનું પણ તેમજ છે. તે રોજ નિયમસર થોડો થોડો કરવો જોઇએ. દોડાદોડી કરી થોડા વખતમાં ઘણું વાંચ્યાથી, વાંચેલું ધ્યાનમાં રહેતું નથી, અને અભ્યાસ કાચો રહે છે. વળી આખું વરસ આળસ કીધાથી પરીક્ષા વખતે પુષ્કળ અભ્યાસ એકદમ થતો નથી; કારણ કે અભ્યાસ કરવાની પણ ટેવ જોઇએ છે.

ઠીક, કદાચિત્ ઘણી મહેનત લઈ અભ્યાસ કર્યો, તો તે મહેનતથી તેને માંદા પડવાનો ભય રહે છે. માટે રોજ થોડો થોડો નિયમસર અભ્યાસ કરવાની ટેવ પાડવી બહુજ સારી છે.

પાઠ ૧૬-મા વિષે કવિતા.

માને દેખી બહુ હરખાઉં,
દોડી દોડી સામે જાઉં;
ચાંપે લઇને છાતી સાથ,
બોકી દઈને ભીડે બાથ. ૧
ધવરાવે લઈ ખોળામાંય,
પંપાળીને રાજી થાય;
મારૂં મુખ જોઇ હરખાય,
દુઃખડાં સર્વે ભૂલી જાય. ૨
મીઠા લાગે મારા બોલ,
જાણે પંખી કરે કલોલ;
સારૂં ખાવું આપે માત,
બહુ સંભાળે મારી જાત. ૩
રડતો જાણી મને લગાર,
ગભરાતી દોડે તે વાર;
હસું રમું તો બહુ ખૂશ થાય,
ઉંઘાડવાને હાલો ગાય.
માંદો પડતાં ઓસડ પાય,
પેટ ભરી માડી નવ ખાય;
સૌથી તારૂં હેત અપાર,
બહુ માનું તારો આભાર. ૫

પાઠ ૧૭—સાહેબી પોશાક.

મનુ—બાપુજી, આવતા સોમવારે આપણા નાનુભાઈની જન્મગાંઠ છે.

બાપ—હા, તારૂં શું કહેવું છે ?

મનુ—તેને માટે છટાદાર સાહેબી પોશાક લાવશોને ?

બાપ—પણ તું પહેલાં કહે, કે આપણે હિંદી છીએ, કે સાહેબ છીએ ?

મનુ—આપણે હિંદુસ્થાનના રહેવાસી એટલે હિંદીજ વળી.

બાપ—ત્યારે આપણે આપણો પોશાક ફેંકી દઇને બીજા દેશનો શું કરવા પહેરીએ ? આપણો પોશાક શું ખરાબ દેખાય છે ?

નાનુ—ના. તેમ નહિ. અમસ્થું, આપણી હોંસ માટે.

બાપ—મનુ, તું શાણો છોકરો છે. તું બરાબર વિચાર કરી જો, કે હોંસ એટલે આપણે આપણાપણું છોડી દેવું, કે શું ? સમજ, એકાદ સાહેબ યુરોપીઅન ગળામાં જનોઇ અને માથે બ્રાહ્મણની પાઘડી પહેરી તારી સામે આવી ઉભો, તો તેને તું હસી કાઢશે, અને તેને વિચિત્ર કહેશે, ખરૂં કે નહિ ? સૌએ સૌનો પોશાક પહેરવો, એ નિયમ સારો. સાહેબ લોક ઠંડા મુલકમાંથી આવી, આપણા ગરમ દેશમાં રહે છે; તોપણ પોતાના ઠંડા મુલકનાં અસલનાં કપડાં તે કાઢતા નથી. કેમ વારૂ ? પોતાના રીતરિવાજનું તેને અભિમાન છે માટે. તેનો પોશાક ગરમ હવાને લાયક નથી; તેથી તેમને ત્રાસ થાય છે; છતાં તે પોતાના દેશનું અભિમાન છોડતા નથી. જે માણસને પોતાનું, પોતાના દેશનું, ધર્મનું, કે કોઈ જાતનું અભિમાન નથી, તે માણસ નથી. કેવળ હોંસને માટે આ અભિમાન મૂકવું, તને ઠીક લાગે છે ? કહે વારૂ ?

મનુ—ના બાપુ. આ વિચારજ મને સૂઝેલો નહિ. તમે કહો છો, તે મારા મનમાં ઉતરી ગયું. હવે ફરીથી હું સાહેબી પોશાકનું નામ લેવાનો નથી. નાનુભાઇને વાસ્તે સરસ દેશી પોશાક લાવજો.

બાપ—હું તે લઇ આવવાનોજ છું. રવિવારે રજા છે. તે દિવસે છોટુભાઇની દુકાનેથી સુંદર સ્વદેશી પોશાક લાવીશ. ત્યારે તારી હોંસ પુરી થશેને?

મનુ—હા, બાપુજી. હું તે દિવસે તમારી સાથે આવીશ.

પાઠ ૧૮-કોયલ.

ચોપાઈ.

કોયલડી ! તું કયાં સંતાય ?
મીઠાં ગીતડાં ગાતી જાય;
શોક થકી તું દીસે દૂર,
નિત્ય રમે હર્ષ તણે પૂર.—૧
મીઠો સ્વર તુજ અનુપમ દીસે,
હું નવ જાણું તું કયાં વસે,
કયાંથી શીખી અદ્‌ભુત ગાન!
ખરે સ્વર્ગ છે એનું સ્થાન.—૨
કુહૂ કુહૂ કરી કરી વારંવાર,
અમી વરસતો તુજ ઉચ્ચાર;
શિખવે મુજને ગાન રસાળ,
આપું આંબા મોરની માળ.—૩

પાઠ ૧૯-જે સૌનું હિત તેજ આપણું હિત.

એક ગરીબ ખેડુત હતો. તે દરરોજ ખેતરમાં મહેનત કરતો હતો. પણ વખતસર વરસાદ પડતો નહિ હોવાથી ખેતરમાં ધાન્ય પાકતું નહિ, અને તેથી તે ભૂખે મરતો હતો. છેવટે વરસાદના દેવ-ઇંદ્ર-ની પ્રાર્થના કરી. ઇંદ્રદેવ પ્રસન્ન થયા. 'જે જોઈએ તે માગ; હું આપું.' એ પ્રમાણે તે બોલ્યા. ખેડુતે કહ્યું, 'મારા ખેતરમાં જ્યારે જોઇએ ત્યારે, અને જેટલો જોઇએ તેટલો વરસાદ પડે' ઇંદ્ર દેવે જવાબ આપ્યો, 'જા, તેમ થશે.' બીજે વરસે જેવો જોઇએ તેવો વરસાદ તે ખેડુતના ખેતરમાં પડયો. પુષ્કળ અનાજ પાકયું. પણ બીજાનાં ખેતરમાં તેવો વરસાદ પડયો નહિ; અને અનાજ પણ પાકયું નહિ. લોકોને ખાવાનું પણ મળે નહિ; ત્યારે લોકોએ પેલા ખેડુતનું ધાન્ય લૂટી લીધું. તે રડતો રડતો પાછો ઇંદ્ર પાસે ગયો.

ઇંદ્ર દેવે પૂછ્યું, કેમ, ભાઈ રહે છે? તારે જોઈતું હતું તે તો મેં આપ્યું છે. ખેડુત બોલ્યો, મેં પહેલાં જે માગ્યું તે કેવળ ટૂંકી બુદ્ધિનું હતું. બીજા બધા લોકો દુઃખી હોય, ત્યારે હું એકલો સુખી રહેવાની ઇચ્છા કરૂં તે મારી ભૂલ છે. એ હું અનુભવથી શીખ્યો. સર્વનું હિત તેજ આપણું હિત તે આજે હું સમજ્યો.' ઇંદ્ર બોલ્યા, 'ત્યારે આજે તારે શું જોઇએ છે? ખેડુત બોલ્યો, ' હું એટલુંજ માગું છું, કે બધા લોકોનું દુઃખ દૂર થાય, એવું કાંઈ આપો. "

તું આટલું સમજવા લાગ્યો, એજ મારી બક્ષીસ સમજ. સર્વનું હિત તેજ આપણું હિત, અને સર્વનું દુઃખ તે આપણું દુઃખ એમ સમજનાર માણસ કોઈ પણ વખત દુઃખી થતો નથી. જેઓ સર્વનાં હિત માટે મહેનત કરે છે, અને પોતાનો સ્વાર્થ જોતા નથી, તેઓના પ્રયત્નો સફળ થશે, એવો આશીર્વાદ આપું છું. ત્યારથી લોકોને સુખી જોઇને, તે ખેડુતના મનને સંતોષ થયો. હવે તેને પોતાનું દુઃખ બીલકુલ લાગતું નહિ.

પાઠ ૨૦–પરીક્ષા.

દ્રોણાચાર્ય કૌરવ પાંડવોના ગુરૂ હતા. નિશાન કેમ તાકવું, લડાઈમાં કયે પ્રસંગે કયાં હથિયારનો ઉપયોગ કરવો વગેરે બાબત તેણે પોતાના શિષ્યોને શીખવી હતી. તેની પરીક્ષા લેવાનું ગુરૂજીના મનમાં આવ્યું. તેણે સુથાર પાસે લાકડાનું એક પક્ષી તૈયાર કરાવી આબેહુબ રંગાવી ઝાડની એક ઉંચી ડાળી ઉપર ગોઠવ્યું. પછી તેણે બધા શિષ્યોને બોલાવી, તે પક્ષી બતાવ્યું. પછી કહ્યું, કે 'તૈયાર રહો. મારો હુકમ થતાંની સાથે બાણ મારીને પક્ષીનું શિર ઉડાવજો.' તે પ્રમાણે બધાજણ ધનુષમાં બાણ ખેંચી ગુરૂની આજ્ઞાની વાટ જોતા ઉભા.

ગુરૂજીએ પ્રથમ યુધિષ્ઠિરને પૂછયું, ધર્મરાજ, તમને ઝાડ ઉપર શું શું દેખાય છે? યુધિષ્ઠિરે જવાબ આપ્યો, 'ડાળી, પાંદડાં, ફળ અને પક્ષી.' તે સાંભળીને ગુરૂજીનું [illegible] ઉતરી ગયું. તે બોલ્યા, તમને નિશાન તાકતાં આવડશે નહિ.'

પછી તેણે તેજ સવાલ એક પછી એક બાકી રહેલા રાજકુમારોને પૂછયો. તેમણે પણ યુધિષ્ઠિરના જેવોજ જવાબ આપ્યો. છેવટે ગુરૂજીએ તેજ પ્રશ્ન અર્જુનને પૂછયો. તેણે જવાબ આપ્યો, કે 'ગુરૂજી' મને પક્ષીનું માથુંજ દેખાય છે. બીજું ત્રીજું કાંઈ દેખાતું નથી.

તે ઉત્તર સાંભળી ગુરૂજીને સંતોષ થયો, અને તે બોલ્યા 'શાબાશ.' તું જરૂર નિશાન તાકશે એમ લાગે છે. બાણ મારો. ગુરૂજીના મોંમાંથી આ શબ્દ નીકળવાની વાર હતી. તરતજ અર્જુને બાણ છોડયું, અને પક્ષીનું ડોકું નીચે જમીનપર પડયું. ત્યારે ગુરૂજી બોલ્યા, અર્જુન મારો ખરો શિષ્ય છે. એક વખત કામ હાથમાં લીધા પછી તે કામમાંજ જે પુરૂં લક્ષ આપી શકે, અને જેને તે કામ સિવાય બીજું કાંઇ દેખાયજ નહિ, તેનાથીજ તે કામ ખાત્રીથી થશે એમ સમજવું. વિદ્યાર્થીઓએ પણ ભણતી વખતે પોતાનું બધું ધ્યાન અભ્યાસમાંજ લગાડવું જોઇએ. એકજ વખતે ઘણી બાબતોમાં થોડું થોડું ધ્યાન આપવાથી કોઇપણ કામ ઉત્તમ રીતે થતું નથી.

